| | | | |
|---|---|---|---|
| | GJKT01003478 2026 | દાખલ તારીખ | ૩૧–૦૭–૨૦૨૬ |
| | | રજીસ્ટરે લીધા તારીખ | ૩૧–૦૭–૨૦૨૬ |
| | | નિકાલ તારીખ | ૦૪–૦૮–૨૦૨૬ |
| | | સમયગાળો | વર્ષ માસ દિવસ<br>૦૦ ૦૦ ૦૪ |

०–०–०–०–०–०–०–०–०–०–०–०–०–०–०–०–०–०–०–०–

**મહે.કચ્છ જિલ્લાના ત્રીજા અધિક સેશન્સ જજશ્રીની અદાલતમાં,મુ.ભુજ–કચ્છ.**

०–०–०–०–०–०–०–०–०–०–०–०–०–०–०–०–०–०–०–०–

ફોજદારી પરચુરણ અરજી નંબર ૧૦૧૮/૨૦૨૬

આંક :8

ક્રિષ્ના ગોપાલ શ્રીગંગાપ્રસાદ પવાર,
ઉ.વ.૪૪,રહે.મુળ : બી/૫૫૩ એફ,
સોનિયા વિહાર,નોર્થ ઇસ્ટ, દિલ્હી,
હાલે રહે.મહાવીર ધામ, બારોઇ રોડ,
મુંદરા.
હાલે રહે.પાલારા ખાસ જેલ,
ભુજ–કચ્છ. અરજદાર/આરોપી

વિરુધ્ધ

**શ્રી સરકાર મારફતે**
જિલ્લા સરકારી વકીલ,
જિલ્લા ન્યાયાલય બિલ્ડીંગ,
ભુજ–કચ્છ. સામાવાળા

**બાબત : બી.એન.એસ.એસ.ની કલમ : ૪૮૩ તળે જામીન અરજી.**

**०–०–०–०–०–०–०–०–०–०–०–०–०–०–०–०–०–०–०–०–**

**અરજદાર તરફે વિધ્વાન વકીલશ્રી આર.એસ.ગઢવી**

**સામાવાળા તરફે વિધ્વાન વકીલ એ.પી.પી.શ્રી એસ.એ.મહેશ્વરી**

**०–०–०–०–०–०–०–०–०–०–०–०–०–०–०–०–०–०–०–०–**

**–:: ઠરાવ ::–**

**(૧)** આ કામના અરજદાર/આરોપીએ હાલની અરજી બી.એન.એસ.એસ.ની કલમ : ૪૮૩ હેઠળ મુંદરા પોલીસ સ્ટેશન ગુ.ર.નં.

૧૧૨૦૫૦૩૨૨૬૦૮૪૬/૨૦૨૬, બી.એન.એસ.ની કલમ : ૩૧૬(૨), ૩૧૬(૪), ૩૧૭(૨),૬૧(૨), ૫૪ મુજબના ગુનાના કામે નિયમિત જામીન મેળવવા માટે વિવિધ કારણોસર કરેલ છે.

**(૨)** આ કામે ફરીયાદીએ નોંધાવેલ ફરીયાદીના ટુંકસાર મુજબ આ કામના આરોપી નં.૧-૨ વાળા એકબીજાને ધણા સમયથી ઓળખતા હોય અને આરોપી નં.૨ વાળા વીધી એન્ટરપ્રાઈઝ પાસેથી નીચી ગુણવતા વાળો ઓછી કિંમતનો ઈન્ડોનેશીયન કોલસાની ખરીદી કરી જયારે આરોપી નં.૧ વાળાની નાઈટ શીફ્ટ આવતી હોય તે દરમ્યાન ટ્રક વેસ્ટ પોર્ટ,મુંદરા ખાતે મોકલાવતો જે ટ્રકનો ગેટપાસ આરોપી નં.૩ વાળો બનાવતો અને ટ્રકનો ગેટપાસ બનાવ્યા બાદ આરોપી નં.૧ વાળાનો સંપર્ક કરી ટ્રક તેની પાસે મોકલાવતો અને આરોપી નં.૧ વાળો ચેન્નઈ રાધા કંપનીમાં નોકરી કરતા આરોપી નં.૪ વાળાની મદદથી ખરેખર ડી.ઓ.લેટર અને ગેટપાસમાં અદાણી એન્ટરપ્રાઈસીસ લી.ના યાર્ડમાંથી ઈન્ડોનેશીયન કોલસો ભરવાના બદલે ટી.એલ.એસ/બીજા યાર્ડમાંથી ઉચી ગુણવતાનો વધુ કિંમતનો યુ.એસ.કોલસો ટ્રકમાં લોડ કરાવી પ્રતિ ટન દીન રૂા.૧૨૦૦/- થી ૧૬૦૦/- સુધીનો આરોપી નં.(૨) પાસેથી આર્થીક લાભ મેળવી તેમાંથી આરોપી નં.૩ અને ૪ વાળાને કોલસો લોડ કરાવવામાં મદદ કરવા બદલ કમીશન પેટે રૂપીયા આપી તેમજ આરોપી નં.૨ વાળો પોતે ઈન્ડોનેશીયન કોલસાની બદલે ઉંચી ગુણવતા વાળો વધુ કિંમતનો યુ.એસ.કોલસો વિશ્વાસધાતથી મેળવતો હોવાનું જાણવા છતાં નીચી ગુણવતા વાળા ઈન્ડોનેશીયન કોલસાની બદલે ઉચી ગુણવતા વાળો યુ.એસ.કોલસો આશરે ૧૪૮૬૪ મેટ્રીક ટન જેની કિંમત રૂા.૧૭,૮૩,૬૮,૦૦૦/- નો મેળવી તમામ આરોપીઓએ ગુનાહીત કાવતરૂ રચી એકબીજાની મદદગારી કરી ફરીયાદીના અદાણી પોર્ટ એન્ડ એસ.ઈ.ઝેડ.લી.કંપની સાથે વિશ્વાસધાત કરી ગુનો કર્યા સંબંધી અરજદાર/આરોપી વિરુધ્ધ આક્ષેપો છે.

(૩) આ કામના અરજદાર/આરોપી તરફે વિધ્વાન વકીલ શ્રી આર.એસ.ગઢવી તથા પ્રોસીકયુશન તરફે વિધ્વાન એ.પી.પી.શ્રી

એસ.એ.મહેશ્વરીની રજુઆતો તેમજ જામીન અરજી સાથે રજુ થયેલ તમામ દસ્તાવેજી આધારો વંચાણે લીધા અને તપાસ કરનાર અમલદાર શ્રી ધ્વારા રજુ રાખવામાં આવેલ સોગંદનામું ધ્યાને લીધું.

(૪) આ કામે અરજદાર/આરોપી તરફે તેમના વિધ્વાન વકીલશ્રીએ તેમની મૌખિક દલીલોમાં જણાવેલ છે કે,આ કામે ફરીયાદમાં જે આક્ષેપો કરવામાં આવેલ છે તે ખોટા આક્ષેપો છે, આરોપીએ કોઇ ગુનો કરેલ નથી અને તેઓને આ ગુના કામે ખોટી રીતે સંડોવી દીધેલ છે, આ કામના અરજદાર/આરોપી વિરુધ્ધ કોઇ પ્રથમ દર્શનીય પુરાવો પણ રેકર્ડમાં આવેલ નથી,આ ગુનાની તપાસ પુર્ણ થઇ ગયેલ છે અને ચાર્જશીટ પણ અદાલતમાં થઇ ગયેલ છે અને તપાસના કામે આરોપીની કોઇ જરૂરીયાત નથી, આ કામના અન્ય આરોપીને અત્રેની અદાલત ધ્વારા જામીન ઉપર મુકત કરવામાં આવેલા છે.જેથી પેરીટીનો લાભ હાલના આરોપીને પણ મળવાપાત્ર થાય છે. અરજદાર/આરોપી ભારત દેશના વતની છે અને કયાંય નાશી ભાગી જાય તેમ નથી તેમજ ટ્રાયલ દરમ્યાન હાજર રહેવાની ખાત્રી આપે છે.જેથી હાલની અરજી મંજુર કરવા વિનંતી કરેલ છે.

(૫) આ કામે સરકારશ્રી તરફે વિ.એ.પી.પી.શ્રીએ આ કામે રજુ થયેલ સોગંદનામાને ધ્યાને લઇ દલીલ કરતાં જણાવેલ છે કે,અરજદાર/આરોપીએ પણ આ ગુનો કરવામાં સક્રિય ભુમિકા ભજવેલ છે અને તેઓ વિરુધ્ધ પુરાવો હોય જેથી ચાર્જશીટ દાખલ થયેલ છે તેમજ હાલના અરજદાર/આરોપી ગુજરાત રાજયના વતની નથી તેમને જામીન મુકત કરવામાં આવશે તો નાશી ભાગી જાય અને ટ્રાયલ દરમ્યાન હાજર ન રહે તેવી સંભાવના છે તેમજ મહત્વના સાહેદોને ડરાવે ધમકાવે તેવી પણ શકયતા છે.જેથી તમામ હકીકતો ધ્યાને લઇ હાલની અરજી નામંજુર કરવા વિનંતી કરેલી છે.

(૬) ફોજદારી ફાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંતો મુજબ ખાસ કરીને બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૩ હેઠળ નિયમીત જામીન મેળવવા અંગેની અરજીનો નિર્ણય કરતી વખતે અદાલતે પોતાની વિવેકબુધ્ધિનો ઉપયોગ

કરતી વખતે આરોપી વિરુધ્ધ પ્રથમ દર્શનીય કેસ છે કે કેમ?, આરોપી પુરાવાનો નાશ ફરી શકે છે કે કેમ? તથા આરોપી ટ્રાયલ દરમ્યાન હાજર રહેશે કે કેમ? તે હકીકતો જોવાની હોય છે. સામાન્ય રીતે કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંતો પ્રમાણે "જામીન તે નિયમ અને જેલ તે અપવાદ.' જો કે, દરેક કેસની હકીકતો અને સંજોગો અલગ અલગ હોય છે.

(૭) બંને પક્ષકારોના વિ.વ.શ્રીઓની વિધ્વતાભરી દલીલો સાંભળી, અરજી સાથે રજુ થયેલ કેસ પેપર્સ તથા તપાસનીશ અધિકારીનું સોગંદનામું તેમજ દસ્તાવેજી આધારો વંચાણે લેવામાં આવે તો,આ કામના આરોપી નં.૧-૨ વાળા એકબીજાને ધણા સમયથી ઓળખતા હોય અને આરોપી નં.૨ વાળા વીધી એન્ટરપ્રાઈઝ પાસેથી નીચી ગુણવતા વાળો ઓછી કિંમતનો ઈન્ડોનેશીયન કોલસાની ખરીદી કરી જયારે આરોપી નં.૧ વાળાની નાઈટ શીફટ આવતી હોય તે દરમ્યાન ટ્રક વેસ્ટ પોર્ટ,મુંદરા ખાતે મોકલાવતો જે ટ્રકનો ગેટપાસ આરોપી નં.૩ વાળો બનાવતો અને ટ્રકનો ગેટપાસ બનાવ્યા બાદ આરોપી નં.૧ વાળાનો સંપર્ક કરી ટ્રક તેની પાસે મોકલાવતો અને આરોપી નં.૧ વાળો ચેન્નઈ રાધા કંપનીમાં નોકરી કરતા આરોપી નં.૪ વાળાની મદદથી ખરેખર ડી.ઓ.લેટર અને ગેટપાસમાં અદાણી એન્ટરપ્રાઈસીસ લી.ના યાર્ડમાંથી ઈન્ડોનેશીયન કોલસો ભરવાના બદલે ટી.એલ.એસ/બીજા યાર્ડમાંથી ઉચી ગુણવતાનો વધુ કિંમતનો યુ.એસ.કોલસો ટ્રકમાં લોડ કરાવી પ્રતિ ટન દીન રૂા.૧૨૦૦/- થી ૧૬૦૦/- સુધીનો આરોપી નં.(૨) પાસેથી આર્થીક લાભ મેળવી તેમાંથી આરોપી નં.૩ અને ૪ વાળાને કોલસો લોડ કરાવવામાં મદદ કરવા બદલ કમીશન પેટે રૂપીયા આપી તેમજ આરોપી નં.૨ વાળો પોતે ઈન્ડોનેશીયન કોલસાની બદલે ઉંચી ગુણવતા વાળો વધુ કિંમતનો યુ.એસ.કોલસો વિશ્વાસધાતથી મેળવતો હોવાનું જાણવા છતાં નીચી ગુણવતા વાળા ઈન્ડોનેશીયન કોલસાની બદલે ઉચી ગુણવતા વાળો યુ.એસ.કોલસો આશરે ૧૪૮૬૪ મેટ્રીક ટન જેની કિંમત રૂા.૧૭,૮૩,૬૮,૦૦૦/- નો મેળવી તમામ આરોપીઓએ ગુનાહીત કાવતરૂ રચી એકબીજાની મદદગારી કરી ફરીયાદીના અદાણી પોર્ટ એન્ડ એસ.ઈ.ઝેડ.લી.કંપની સાથે વિશ્વાસધાત કરી ગુનો કર્યા સંબંધી અરજદાર/આરોપી વિરુધ્ધ આક્ષેપો છે.પરંતુ હાલના

ગુનાની તપાસ પુર્ણ થઇ ગયેલ છે અને ચાર્જશીટ પણ અદાલત સમક્ષ દાખલ થઇ ગયેલ છે અને તપાસના કામે આરોપીની શું જરૂરીયાત રહેલ છે ? તેવી કોઇ હકીકત તપાસનીશ અધિકારીએ તેમના સોગંદનામામાં જણાવેલ નથી. વધુમાં, આ કામના અન્ય અરજદાર/આરોપીને અત્રેની અદાલત ધ્વારા જામીન મુકત કરવામાં આવેલા છે જેથી પેરીટીના સિધ્ધાંતનો લાભ હાલના આરોપીને પણ મળવાપાત્ર જણાઇ આવે છે.વિશેષમાં, આ કામે અરજદાર/આરોપી વિરુધ્ધ જે ગુનાના આક્ષેપો છે તેમાં મહતમ સજા ૭ વર્ષ સુધીની હોવાનું જણાઇ આવે છે તેમજ હાલમાં કેસોનું ભારણ જોતાં ટ્રાયલ ચાલવામાં પણ ધણો સમય જાય તેમ છે.વિશેષમાં, અરજદાર/આરોપી કોઇ ગુનાહીત ભુતકાળ ધરાવતા હોય તેવું પણ તપાસનીશ અધિકારીના સોગંદનામા પરથી જણાઇ આવતું નથી.વધુમાં, અરજદાર/આરોપી ભારત દેશના વતની છે અને કયાંય નાશી ભાગી જાય તેમ જણાઇ આવતું નથી. વધુમાં, અરજદાર/આરોપી નામદાર અદાલતની શરતોનું પાલન કરવાની ખાત્રી આપે છે તેમજ ટ્રાયલ દરમ્યાન હાજર રહેવાની પણ ખાત્રી આપે છે. વળી હાલની જામીન અરજી મંજુર કરવાથી અરજદાર/આરોપી નિર્દોષ છુટી જતા નથી, તેમણે સમગ્ર ટ્રાયલ ફેસ કરવાની રહે છે અને ફરીયાદપક્ષને પણ અરજદાર/આરોપી સામેનો કેસ પુરવાર કરવા માટે યોગ્ય તકો ઉપલધ્ધ હોય છે તેથી સમગ્ર ટ્રાયલ દરમ્યાન અરજદાર/આરોપીને જયુડીશીયલ કસ્ટડીમાં રાખવામાં આવે તો તેમની સ્વતંત્રતા ઉપર તરાપ માર્યા બરાબર ગણાશે.વળી,નામદાર સુપ્રિમ કોર્ટના ૨૦૧૧(૧) જી.એલ.એચ.પાના નંબર ૧૧ કે જે સિધ્ધરામ સતલીંગપ્પા મ્હેત્રે વિરુધ્ધ સ્ટેટ ઓફ મહારાષ્ટ્રના ચુકાદામાં ઠરાવેલ સિધ્ધાંત ચુકાદા મુજબ વ્યકિતગત સ્વતંત્રતા ધણી જ મહત્વની છે.તે જોતાં અરજદાર/આરોપીને ટ્રાયલના અંત સુધી જયુ.કસ્ટડીમાં રાખવું વ્યાજબી ગણાશે નહી.અરજદાર/આરોપી સામેની ટ્રાયલ જે અદાલતમાં ચાલે તે અદાલતમાં અરજદાર/આરોપી સામેનો કેસ સાબિત થાય, તો તે અદાલત અરજદાર/આરોપીને કાયદામાં જણાવ્યા મુજબની યોગ્ય સજા ફરમાવી શકે છે.તેવા સંજોગોમાં ટ્રાયલના અંત સુધી અરજદાર/આરોપીને જયુ.કસ્ટડીમાં રાખવામાં આવે તો ન્યાયનું હિત જળવાય નહી.ત્યારે કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંત '' જામીન તે નિયમ અને

જેલ તે અપવાદ '' મુજબ અરજદાર/આરોપીને ભારે રકમ તથા ભારે શરતોને આધીન તેઓની તરફેણમાં તેઓને જામીન ઉપર મુકત કરવા અંગેની વિવેકાધીન સતાનો ઉપયોગ કરવાનું ન્યાયના હીતમાં યોગ્ય અને વ્યાજબી જણાતું હોય નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**::- હુકમ ::-**

(૧) અરજદાર/આરોપી :ક્રિષ્ના ગોપાલ શ્રીગંગાપ્રસાદ પવાર, ઉ.વ.૪૪ ,રહે.મુળ : બી/૫૫૩ એફ,સોનિયા વિહાર,નોર્થ ઇસ્ટ, દિલ્હી, હાલે રહે.મહાવીર ધામ, બારોઇ રોડ,મુંદરા.હાલે રહે.પાલારા ખાસ જેલ,ભુજ-કચ્છ.વાળા તરફથી રજુ કરવામાં આવેલ નિયમિત જામીન ઉપર મુકત થવા માટેની હાલની અરજી આથી મંજુર કરવામાં આવે છે અને એવો હુકમ કરવામાં આવે છે કે, અરજદાર/આરોપીએ મુંદરા પોલીસ સ્ટેશન ગુ.ર.નં. ૧૧૨૦૫૦૩૨૨૬૦૮૪૬/૨૦૨૬, બી.એન.એસ.ની કલમ : ૩૧૬(૨), ૩૧૬(૪), ૩૧૭(૨), ૬૧(૨), ૫૪ હેઠળ નોંધાયેલ ગુનાના કામે રૂા.૧૫,૦૦૦/-(અંકે રૂપીયા પંદર હજાર પુરા) ના સધ્ધર જામીન તથા તેટલી જ રકમના જાત મુચરકા સંબંધિત અદાલતમાં રજુ કર્યેથી નીચે ફરમાવેલ શરતોને આધીન જામીન ઉપર મુકત કરવામાં આવે છે.

**શરતો :-**

(૧) અરજદાર/આરોપીએ ફરીયાદપક્ષના સાહેદોને કોઇપણ પ્રકારે નુકશાન પહોંચાડવું નહી કે તેઓને કોઇપણ રીતે ફોડવા કે પ્રભાવીત કરવા પ્રયત્નો કરવા કે કરાવવા નહી.

(૨) અરજદાર/આરોપીએ પોતાની જાતને આ જ પ્રકારના કે અન્ય કોઇપણ પ્રકારના ગુનાહીત પ્રવૃતિમાં સંડોવાવવું નહી.

(૩) અરજદાર/આરોપીએ દર મુદત તારીખે નિયમિત અદાલત સમક્ષ હાજર રહેવું.

(૪) અરજદાર/આરોપીએ અત્રેની અદાલતની પરવાનગી વગર ભારત દેશની હદ છોડવી નહી.

(૫) અરજદાર/આરોપીએ પોતાનું કાયમી રહેણાંકનું સરનામું તપાસ કરનાર અધિકારી અને અદાલત સમક્ષ જાહેર કરવું.

અરજદાર/આરોપીએ ઉપરોકત તમામ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે તેમજ ઉપરોકત શરતો પૈકી કોઇપણ શરતનો ભંગ

અરજદાર/આરોપી કરશે તો તુરંત જ તેમના જામીન તથા જાતમુચરકા રદ ગણાશે.

આ હુકમની યાદી સંબંધિતોને કરવી.

આ હુકમ આજરોજ તારીખ : ૦૪, માહે : ઓગષ્ટ, સને : ૨૦૨૬ ના રોજ ખુલી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

તારીખ :૦૪/૦૮/૨૦૨૬
સ્થળ : ભુજ–કચ્છ.

(વિરાટ અશોકભાઇ બુધ્ધ)
ત્રીજા અધિક સેશન્સ જજ
ભુજ–કચ્છ.
GJ00702

NANDISH/PS